# 44

## ગુજરાત સ્ટેટ હાયર એજ્યુકેશન કાઉન્સિલની બેઠકો

*15/4/2311 **શ્રી જિગ્નેશ મેવાણી** (વડગામ) : **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા:૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં ગુજરાત સ્ટેટ હાયર એજ્યુકેશન કાઉન્સિલ એક્ટ–૨૦૧૬ ક્યારથી અમલમાં આવેલ છે, | (૧) | રાજ્યમાં ગુજરાત સ્ટેટ હાયર એજ્યુકેશન કાઉન્સીલ એક્ટ, ૨૦૧૭ થી અમલમાં આવેલ છે. |
| (૨) | ઉક્ત સ્થિતિએ ઉક્ત કાઉન્સિલના સભ્યો કોણ છે, | (૨) | ગુજરાત સ્ટેટ હાયર એજ્યુકેશન કાઉન્સીલ અંતર્ગત ગવર્નીંગ કાઉન્સીલ અને એકઝીક્યુટીવ કાઉન્સીલની રચના તા:૦૧/૦૬/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક: SHE/૨૦૧૭/૭૩/ખ–૧ થી કરવામાં આવેલ છે. ગવર્નીંગ કાઉન્સીલના સભ્યોની વિગત પત્રક:અ મુજબ સામેલ છે. |
| (૩) | ઉક્ત કાઉન્સિલની બેઠકો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યારે મળેલ છે, | (૩) | ગુજરાત સ્ટેટ હાયર એજ્યુકેશન કાઉન્સીલની બેઠક મળેલ નથી. |
| (૪) | ઉક્ત સ્થિતિએ ઉક્ત કાઉન્સિલની બેઠક નિયમિત ન મળતી હોય તો તેના કારણો શા છે? | (૪) | ગુજરાત સ્ટેટ હાયર એજ્યુકેશન કાઉન્સીલની બેઠક તા:૨૯/૦૬/૨૦૧૮ પછી જુદા જુદા વહિવટી કારણોસર મળી શકેલ નથી. |

પત્રક : અ

શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા તા:૦૧/૦૬/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક:– SHE/૨૦૧૭/૭૩/ખ.૧થી ગુજરાત સ્ટેટ હાયર એજ્યુકેશન કાઉન્સિલ અંતર્ગત ગવર્નીંગ કાઉન્સિલના નીચે મુજબના સભ્યશ્રીઓની નિયુક્તિ કરવામાં આવેલ હતી.

- ગવર્નીંગ કાઉન્સીલ

(ગુજરાત સ્ટેટ હાયર એજ્યુકેશન કાઉન્સિલ એક્ટની કલમ–૪ (૧)–બી–અન્ય સભ્યો–(i))

| ક્રમ | હોદ્દો | યુનિવર્સિટીનું નામ |
|---|---|---|
| 1. | કુલપતિશ્રી | વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,સુરત |
| 2. | કુલપતિશ્રી | શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી,ગોધરા |
| 3. | કુલપતિશ્રી | ભકત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,જૂનાગઢ |
| 4. | કુલપતિશ્રી | શ્રી શ્યામજી કૃષ્ણ વર્મા કરછ યુનિવર્સિટી, કરછ–ભુજ |
| 5. | કુલપતિશ્રી | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ |

(ગુજરાત સ્ટેટ હાયર એજ્યુકેશન કાઉન્સિલ એક્ટની કલમ–૪ (૧)–બી–અન્ય સભ્યો–(ii))

| ક્રમ | હોદ્દો | પ્રાઈવેટ યુનિવર્સિટીનું નામ |
|---|---|---|
| 1. | પ્રોવોસ્ટશ્રી | નિરમા યુનિવર્સિટી, અમદાવાદ |

(ગુજરાત સ્ટેટ હાયર એજ્યુકેશન કાઉન્સિલ એક્ટની કલમ–૪ (૧)–બી– અન્ય સભ્યો–(iii))

| ક્રમ | હોદ્દો | સંસ્થાનું નામ |
|---|---|---|
| 1. | નિયામકશ્રી | એન્ટરપ્રેનોયરશીપ ડેવલપમેન્ટ ઓફ ઈન્ડિયા, ભાટ, તા.જિ. ગાંધીનગર |
| 2. | નિયામકશ્રી | સરદાર વલ્લભભાઇ નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી, સુરત |

(ગુજરાત સ્ટેટ હાયર એજ્યુકેશન કાઉન્સિલ એક્ટની કલમ–૪ (૧)–બી– અન્ય સભ્યો–(v))

| ક્રમ | હોદ્દો | સંસ્થાનું નામ |
|---|---|---|
| 1. | આચાર્યશ્રી | એલ.ડી.એન્જીનિયરીંગ કોલેજ, નવરંગપુરા, અમદાવાદ |
| 2. | આચાર્યશ્રી | ગાંધીનગર કૉમર્સ કૉલેજ, સેક્ટર–૧૫, ગાંધીનગર |
| 3. | આચાર્યશ્રી | અમદાવાદ આર્ટસ કોલેજ, અમદાવાદ |

ગવર્નીંગ કાઉન્સિલના સભ્ય સચિવશ્રી તરીકે શિક્ષણ વિભાગના અગ્રસચિવશ્રી (ઉચ્ચ શિક્ષણ) રહેશે.

..............................